ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૫/૧૯-૨૦/ 3235 તારીખ :

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૫/૧૯-૨૦

પ્રતિ,
શ્રી બારૈયા રમેશભાઈ જેરામભાઈ,
દાઠા રોડ ઉપર, સેંતાનગર,
પ્લોટ નં.૨૩, મુ.માળવાવ,
તા.મહુવા, જી.ભાવનગર.
**મો.નં. ૯૭૨૬૨ ૩૪૫૯૯.**

**વિષય : નવા ઘર વપરશના વીજ કનેકશન ચાલુ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૭/૦૬/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૧૯-૨૦/૨૩૫૯ તા.૨૪/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૧૯-૨૦/૨૬૦૧ તા.૦૮/૦૭/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૫/૧૯-૨૦/૨૯૦૩ તા.૨૬/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ફોરમ સમક્ષ તા.૦૬/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૩૫/૧૯–૨૦</u> ☜

વાદી :– શ્રી બારૈયા રમેશભાઈ જેરામભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ <u>રજુઆતની તારીખ</u>:– ૦૬.૦૮.૨૦૧૯ ◈

હાજર રહયા :– ગેરહાજર

**પ્રતિવાદી** :– શ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી બારૈયા રમેશભાઈ જેરામભાઈ, મુ.માળવાવ, તા.મહુવા, જી.ભાવનગરની નવા ઘર વપરાશના વીજ કનેકશન ચાલુ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૫/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૩૫/૧૯–૨૦/૨૩૫૯ તા.૨૪.૦૬.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૭.૧૯ તથા તા.૦૬.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફે શ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ગામ–માળવાવમાં દાઠા રોડ ઉપર, સેંતાનગર, પ્લોટ નં.૨૩ ખાતે અમે ઘરવપરાશ માટેની વીજ કનેકશનની જરૂરીયાત હોવાથી અમારી વીજકચેરી મહુવા રૂરલ–૨ ગયેલ અધિકારી સાથે વાત કરેલ નવા જોડાણ માટે આધાર પુરાવા લખી આપો. જુ.એ.ના કહેવા મુજબ આધાર પુરાવા લઈને હું મહુવા રૂરલ–૨ માં આવેલ. તમામ આધાર પુરાવા તપાસ કરીને જણાવેલ કે બીલીંગ વિભાગમાં ડી.વાય.એસ.એ. પાસે નોડયુના સિકકા સહી કરાવીને આવો. ડી.વાય.એસ.એ. પાસે ગયેલ, તેણે તપાસ કરીને જણાવેલ કે તમારા ગામના હેલ્પર પાસે જાવ તમારા મકાનથી પોલ કેટલો દુર છે, કેટલા મીટરની લંબાઈ છે તે લખાવીને ફરી આવો. કંપનીનો નિયમ છે કે તમામ આધાર પુરાવા તપાસ કરી નોડયુ[illegible] કરી સીધુ એવન ફોર્મનાં નાણા રજીસ્ટ્રેશન ચાર્જના લેવાનો નિયમ છે.

..૨..

૧.૨ ત્યારબાદ અધિકારીએ હેલ્પરને ફોર્મ આપવાથી તે સર્વે કરે ત્યારબાદ હેલ્પર ફરી કચેરીમાં ફોર્મ જમા કરે ત્યારબાદ સીધુ કોટેશન આપવાનો નિયમ છે.

૧.૩ ફરી હું મહુવા રૂરલ–ર માં આવેલ. જુ.એ.ચુડાસમાને મળેલ તેણે જણાવેલ કે જુ.એ.મહેતા પાસે જાવ તે હાજર હતા નહી. એકથી બે કલાક કચેરીમાં બેસેલા છતાં આવેલ નહી. તેથી કંટાળીને જતા રહેલ, ફરી બીજા દિવસે આવેલ સવારે ૧૦/૩૦ કલાકે હાજર અધિકારીએ ફરી એવન ફોર્મ તપાસ કરેલ અને જણાવેલ કે બી ટાઈપનું કનેકશન છે બે પોલ લગાડવા પડશે, તેમ રૂબરૂ જણાવેલ અને એસ.આર.નંબર લખી આપી જણાવેલ કે રૂા.૪૦/– રજીસ્ટ્રેશનના ભરી આપો.

૧.૪ તેથી મે તા.૧૧.૦૨.૧૯ ના રોજ રૂા.૪૦/– પહોંચ નં.૯૩૬૯૧૫ થી ભરી આપેલ. થોડા ટાઈમ બાદ કોટેશન આપેલ બી ટાઈપનું તે મે તા.૨૦.૦૨.૧૯ ના રોજ રૂા.૨૦૦/– ડીપોઝીટના પહોંચ નં.૯૩૮૮૮૦, કનેકશન ચાર્જના રૂા.૩૫૦૦/– તા.૨૦.૦૨.૧૯ પહોંચ નં.૯૩૮૮૮૧ થી ટોટલ રૂા.૩૭૦૦/– ભરી આપેલ. એક મહીનો થયેલ છતાં પોલ લગાડવા આવેલ નહી. તેથી હું અમારી વીજકચેરી મહુવા રૂરલ–ર માં નાયબ ઈજનેર અને જુ.એ.મહેતા અને જુ.એ.ચુડાસમાને મળેલ. તેણે જણાવેલ કે થોડા ટાઈમમાં પોલ થાંભલા તમારા સ્થળે આવશે. ત્યારબાદ કોન્ટ્રાકટરનાં માણસો થાંભલા લગાડી દેશે. થોડા ટાઈમ બાદ અમારા સ્થળના બદલે અન્ય સ્થળે થાંભલા બસ સ્ટેન્ડ પાસે ઉતારેલ અને બીજા દિવસે અન્ય સ્થળે થાંભલા લઈ ગયેલ.

૧.૫ ત્યારબાદ તા.૨૫.૦૪.૧૯ આઉટવર્ડ નં.૨૦૫૭ નો લેટર આવેલ કે તમે વાયરીગનો ટેસ્ટ રીપોર્ટ કચેરીમાં જમા કરો, ત્યારબાદ વીજકનેકશન લગાડવામાં આવશે. ફરી હું લેટર લઈને મહુવા રૂરલ–ર માં આવેલ કે આ લેટર આવેલ છે. તો જુ.એ.મહેતા અને જુ.એ.ચુડાસમાએ જણાવેલ કે સામેના ટેબલ ઉપર ચશ્માવાળા ભાઈ તમને ટેસ્ટ રીપોર્ટ આપશે, તે ભરી આપો. મે જણાવેલ કે સ્થળ ઉપર પોલ લગાડેલ નથી કે તાર લગાડેલ નથી, તો તેણે જણાવેલ કે સ્થળ ઉપર થાંભલા આવેલ હતા તે કોણ લઈ ગયેલ મે જણાવેલ કે મારા સ્થળે પોલ આવેલ નથી, ગામમાં બસ સ્ટેન્ડ પાસે ઉતારેલા હતાં. બીજા દિવસે ત્યાંથી પોલ અન્ય જગ્યાએ લઈ ગયેલ છે. થોડા દિવસ પછી પોલ આવી જશે, તેમ જણાવી આશ્વાસન આપીને વળાવી દીધેલ.

૧.૬ હાલ ત્રણ મહીના કરતાં વધારે સમય થયેલ છેં. તો આપ સાહેબને અમારા વીજ કનેકશન માટે પોલ તાર લગાડી વીજ કનેકશન ચાલુ કરાવવા હુકમ કરવા વિનંતી છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૭ બીજી ફરીયાદ અમે જે મકાન બનાવેલ છે તેની દિવાલ પાસે ઈલેવન લાઈનના તાર નડતર થાય છે, અમારા મકાનની અગાસી ધાબામાં તારી અડી જાય તેમ છે. હજુ અમારૂ ત્યાં રહેણાંક નથી, કોઈ નાની–મોટી નુકશાની થાય તે પહેલા મે તા.૨૦.૦૨.૧૯ ના નડતર પોલની જગ્યા બદલવા નિયમ મુજબ ચાર્જ ભરવા માટેની લેખિત અરજી આપેલ છે, તેની કોપી આ સાથે જોડેલ છે. મારા મકાન પાસે અન્ય પ્લોટવાળાઓ તા.૦૧.૦૨.૧૮ ના રોજ લેખિત અરજી થાંભલા ઈલેવન લાઈનનો નિયમ મુજબ ચાર્જ લઈ પોલની જગ્યા બદલવા, નડતર પોલ ફેરવવા અરજી આપેલ. કંટારીયા લવજીભાઈ શામજીભાઈની બંનેની અરજીની કોપી જોડેલ છે. લવજીભાઈની અરજીને એક વર્ષ કરતાં વધારે સમય થયેલ છે. મે અરજી આપી તેને ત્રણ મહીના કરતા વધારે સમય થયેલ છે. છતાં આવા બેદરકાર અધિકારી પાસે ટાઈમ મળેલ નથી. નાના–મોટા અકસ્માત થાય તેની રાહ જોઈને બેઠા છે. તેથી નાછુટકે અમારે રાજકોટ કોપરેટ કચેરી અને સરકારશ્રી મુખ્યમંત્રી, ગાંધીનગરને કોપી દેવાની ફરજ પડેલ છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના માળવાવ ગામે રહે છે.

૨.૨ સદર અરજદાર દવારા તા.૧૧.૦૨.૧૯ ના રોજ રૂ.૪૦/– પહોંચ નં.૯૩૬૯૧૫ થી ભરી નવા વીજજોડાણ માટે અરજી કરેલ. જેના અનુસંધાને સ્થળ સર્વેક્ષણ કરી, અંદાજપત્ર જાવક નં.૮૯૦ તા.૧૪.૦૨.૧૯ ના રોજ આપેલ. અરજદાર દવા તા.૨૦.૦૨.૧૯ ના રોજ રૂ.૨૦૦/– ડીપોઝીટના પહોંચ નં.૯૩૮૮૮૦, કનેકશન ચાર્જના રૂ.૩૫૦૦/– પહોંચ નં.૯૩૮૮૮૧ થી કુલ ૩૭૦૦/– ભરી આપેલ.

૨.૩ સદર કામગીરી માટે કોન્ટ્રાકટર મુકેશભાઈ મોડાસીયાને લાઈન કામગીરી કરવા માટે ઓર્ડર આપવામાં આવેલ તેમજ તેમના દવારા જરૂરી લાઈન કામનો સામાન મેળવવા માટે મુવ ઓર્ડર ૨૨૬૫૧૭૨૩ થી વિભાગીય કચેરીનાં સ્ટોરમાં આપેલ. પરંતુ વિભાગીય કચેરીના સ્ટોરમાં લાઈનકામ માટેના જરૂરી એલ.ટી. શેકલ ઈન્સ્યુલેટર ન હોવાથી વીજજોડાણની કામગીરી થઈ શકેલ નહી.

૨.૪ ત્યારબાદ સદર અરજદારની ફરીયાદના અનુસધાંને હયાત ૧૧ કેવી લાઈન નીચે પોલ પર ૪ MM2 નો કેબલ નાખી લાઈનકામ પુર્ણ કરેલ અને ત્યારબાદ તા.૦૨.૦૭.૧૯ ના રોજ ટેસ્ટ રીપોર્ટ રજુ કરતાં તા.૦૪.૦૭.૧૯ ના રોજ મીટર અરજદારની હાજરીમાં લગાવી આપેલ અને ફરીયાદનું નિરાકરણ કરેલ છે.

૨.૫ વધુમાં સદર અરજદારની લાઈન ફેરવવાની અરજીના અનુસંધાને જણાવવાનું કે સદર અરજીના અનુસંધાને સ્થળ સર્વેક્ષણ કરેલ ત્યારે અરજદાર દવારા ફકત એક જ પોલ ફેરવવાનું કહેલ, જે ટેકનીકલી શકય ન હતું. તેથી જે તે સમયે તેમને અંદાજપત્ર આપવામાં આવેલ ન હતું. ત્યારબાદ ફરી સર્વે કરી, બાજુની વાડીના શેઢા પાડોશીને સાથે રાખી સર્વે કરતાં, તેમના જણાવ્યા મુજબ વાડીના બીજા શેઢે લાઈનકામ કરવામાં આવે તો કોઈ વાંધો ન હોઈ તે પ્રમાણે સર્વે કરી જાવક નં.૩૬૧૦ તા.૨૯.૦૬.૧૯ ના રોજ લાઈન ફેરવવા અંગેનું અંદાજપત્ર આપવામાં આવેલ. આમ સદર અંદાજપત્ર ભરપાઈ થયા બાદ લાઈન ફેરવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

Grievance Redressal P.G.V.C.L Bhavnagar

☛ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી બારૈયા રમેશભાઈ જેરામભાઈએ તા.૧૦.૦૨.૧૯ ના રોજ ઘરવપરાશ માટેનું સીંગલ ફેઈઝ વીજજોડાણની અરજી નોંધણી કરાવી, નવું કનેકશન માંગેલ. પ્રતિવાદીએ નવા વીજજોડાણ માટે તા.૧૪.૦૨.૧૯ ના રોજ અંદાજપત્ર આપતાં, વાદીએ તા.૨૦.૦૨.૧૯ ના રોજ જરૂરી અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ.

૩.૨ પ્રતિવાદીએ વાદીનાં વીજજોડાણ માટે કરેલ સર્વે મંજબ વાદીનાં વીજજોડાણનાં લાઈનકામમાં થાંભલા નાખવા પડતાં હોય, કામમાં વિલંબ થયેલ. ત્યારબાદ પ્રતિવાદીએ વાદીનાં વીજજોડાણની કાર્યવાહી કરી, તા.૨૫.૦૪.૧૯ ના રોજ વાદીને ટેસ્ટરીપોર્ટ રજુ કરવા માટે નોટીસ આપેલ, જે વાદીએ તા.૦૨.૦૭.૧૯ ના રોજ રજુ કરતાં પ્રતિવાદીએ તા.૦૪.૦૭.૧૯ ના રોજ વાદીનું વીજજોડાણ ચાલુ કરી આપેલ.

૩.૩ વાદીને તેમની રજુઆત કરવા માટે તા.૧૯.૦૭.૧૯ ના રોજ તેમજ તા.૦૬.૦૮.૧૯ ના રોજ હાજર રહેવા માટે જણાવેલ પરંતુ વાદી હાજર ન રહેતાં અને પ્રતિવાદી દવારા વાદીનું વીજજોડાણ ચાલુ કરી આપેલ હોય, ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. રાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૬.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar.